ૐ શ્રી સરસ્વતીએ નમઃ

શૃંગારરસથી ભરપુર અત્યુત્તમ નોવેલ.

# કળીયુગની સતી.

લેખક અને પ્રકાશક.

શા. ચંદુલાલ ચુનીલાલ કાંગરીવાળા.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—ગલેમંડી-સુરત.

પ્રથમ આવૃત્તિ  પ્રત ૫૦૦૦

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા
ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુલભદાસે

મુલ્ય રૂ. ૦-૮-૬

# નિવેદન.

**મહેરબાન સાહેબ,**

અમારા કાર્યાલય તરફથી પ્રથમ સાહસ તરીકે "ચન્દ્રહાર" નામે એક સચિત્ર આના સીરીઝ બહાર પડનાર હતી પણ કેટલાક અણધાર્યા સંજોગોને લીધે સીરીઝને બહાર પડતાં ધાર્યા કરતાં વધારે વીલંબ થયો છે અને તે પહેલા અમારા વહાલા વાંચક વર્ગના હાથમાં અમારા કાર્યાલયના એક માલીક મી૦ સી. સી. કાંગરીવાળાના હાથથી લખાયલી આ "કળયુગની સતી" નામે પ્રથમ વાર્તા મુકવામાં આવી છે. હજી થોડાજ વખતમાં મી૦ સી. જી. જરીવાળાના હાથથી લખાયેલ "હાસ્ય-વિનોદ" નામે પુસ્તક પણ અમારા કાર્યાલય તરફથી બહાર પડશે અને ઇશ્વર ઇચ્છા હશે તો ત્યાર પછી ઘણાજ ટુંક સમયમાં અમારી "ચન્દ્રહાર" સીરીઝનું પ્રથમ પુષ્પ બહાર પડશે. અમારા માનવંતા મિત્રો અને શુભેચ્છકો તરફથી જેવી રીતે અમારા આ સાહસને ઉત્તેજન મળ્યું છે તેથી વધારે ઉત્તેજન અમારા નવિન સાહસોને મળશે એવી અંતઃકરણની દ્રઢ આશા સાથે વિરમીએ છીએ.

લી૦ સેવક.

**ઠાકોરદાસ એન્ડ કંપની**

"શ્રી વિદ્યા વિહાર" કાર્યાલય

# કળીયુગની સતી.

## ભાગ પહેલો.

### ( ૧ )

" જુલમ ! જુલમ ! બાપ નટવર જુલમની ખરેખર હદ થતી જાય છે."

" નટવર—પણ છે શું ? મિત્ર, આટલો ગભરાય છે કેમ ?"

**કિશોર**—ભાઈ, મારૂં દુઃખ તું સમજી શકે તેમ નથી.

**નટવર**—(હસીને) આહાહાહા ! દુખ ! શું તને દુખ છે ? ભલા માણસ ! દુઃખ અમારા જેવા કડક બંગાલીઓ માટે, કે તમારા જેવા સવામણ રૂની તળાઈ ઉપર સુનારા શ્રીમંતો માટે. અરે ! હું, જો તારી સ્થીતીમાં હોઉં, તો દુઃખ મારા સ્વપ્નામાં પણ ન આવે.

**કિશોર**—" અરે ! તારી ભૂલ છે. જે લક્ષ્મીથી તું સુખ માને છે, તે લક્ષ્મી પણ કોઈવાર મુર્ખના હાથમાં જઈ દુઃખ પામે છે.

**નટવર**—વારૂ, ત્યારે લાલા તમારૂં દુઃખ તો જણાવો.

**કિશોર**—" સાંભળ. મારા પિતાએ પોતાની વૃદ્ધ વયમાં પેલા ચુનીલાલની રૂપચંદની તરૂણ કન્યા સાથે લગન કર્યું. તે તો તું જાણે

છેજ. હવે જ્યારે મારી નવી મા જુવાન થઇ, ત્યારે મારાં પિતાનું મૃત્યું થયું.

**નટવર**—અરે યાર ! એ તો હું બધું જાણું છું, પણ તેથી તને શું દુઃખ પડ્યું ?

**કિશોર**—અરે સાંભળ તો ખરો ! મારા નવાં માતાજી આજના નિર્લજ નાટકો જોઇ પ્રેમનો પાઠ શીખી આવ્યાં છે, અને મારે ઘેર રોજ નાટકની એકટીંગ કરે છે. ઘડીમાં હસવું, ઘડીમાં આડી આંખે જોવું, અને ઘડી ઘડી આરસીમાં મુખ જોઇ, પોતાના સૌંદર્ય ઉપર જાતેજ ખુશી થવું. નાટકશાળામાં તો સોમ, બુધ ને શની ખેલ થાય છે, પણ મારે ઘેર જ્યારે જુઓ ત્યારે નાટક ! (ભજવાયુંજ જાય છે.)

**નટવર**—"ઠીક, ત્યારે તો તું ભાગ્યશાળી છે, કે તને વગર ટીકીટ ખેલ જોવાનુ મળે છે. તમારી કંપનીમાં કયા કયા ખેલો થાય છે ? દોસ્ત, કોઇ દીવસે મને પણ ખોદાબક્ષ ખેલ બતાવજે.

**કિશોર**—(ખીજવાઇને) અરે અહીં મારો જીવ જાય છે, ને તને હસવું આવે છે. એક તરફ બાપદાદાની આબરૂનું લીલામ, અને બીજી તરફ માતાજી બન્યા છે ફેશનના ગુલામ.

**નટવર**—ઠીક ત્યારે તારો શું વિચાર છે ?

**કિશોર**—કોઇપણ બ્હાને આ ઘરનો ત્યાગ કરવાનો.

**નટવર**—જો, એવોજ વિચાર હોય તો મદ્રાસ તારા પીતાજીની એક મીલ છે, ત્યાં થોડોક વખત જઇ આવ.

**કિશોર**—હા. એ વિચાર ઠીક છે, પણ ત્યાં જવા શું બ્હાનું કાઢવું ?

**નટવર**—એજ, કે મીલની બરોબર વ્યવસ્થા કરવા જાઉં છું.

**કિશોર**—ઠીક એ બ્હાનું સારૂં છે. જો સામેથી મારા માતાજી જાતેજ આવે છે.

**માલતી**—કોણ કીશોર ? કેમ ચ્હેરો ઉદાશ જણાય છે ? હાં ! હાં ! સમજી કદાચ તારા પિતાજી યાદ આવ્યા હશે. પણ હશે સંસારમાં કોઇ અમર થયું નથી અને થવાનું નથી. પણ ગભરાવવું નહી જ્યાં સુધી હું જીવું છું, ત્યાં સુધી તારા પિતા કરતાં વધારે પ્રેમ રાખીશ. કેમ નટવરલાલ ખરૂં કહુ છું કે'ની ?

**નટવર**—હા માજી, તમારે પણ બીજું કોણ છે ચાલો ત્યારે કીશોરચંદ્ર હું રજા લઇશ.

**કિશોર**—હા. પણ માજીને તો આજના પત્રની વાતજ ન કરી?

**નટવર**—હા એ તો ભૂલી ગયો. તમારે કીશોરભાઇને મદ્રાસ મોકલવા પડશે.

**માલતી**—કંઈ એકાએક જવાનું કારણ ?

**નટવર**—એમના પિતાજીની મદ્રાસમાં એક મીલ છે તેની વ્યવસ્થા કરવા જવું પડશે. મેનેજરનો પત્ર આવ્યો છે.

**માલતી**—કેટલોક વખત રહેવું પડશે ?

**કિશોર**—એકાદ વર્ષ રહેવું પડશે ?

**માલતી**—નહિ. મારો તો હવે જે ગણું તે તારાપરજ આધાર છે. ત્યાં પરદેશમાં તારી તબીયત કોણ સાચવે ? મદ્રાસવાળી મીલ બંધ કરો અગર વેચી દો.

**કિશોર**—પણ માજી એથી ભારે ખોટમાં ઉતરવું પડશે. હું જેમ બનશે તેમ જલદી પાછો આવીશ તથા હંમેશા તબીએતના

સમાચાર લખતો રહીશ અને કદાચ કોઇ વખત તબીયત બગડશે તો તુરત ચાલ્યો આવીશ.

**માલતી**—ઠીક ત્યારે જેવી તારી મરજી.

**નટવર**—ચાલો ત્યારે હું રજા લઇશ. સાહેબજી.

**કિશોર**—હા, સાહેબજી. હું જ્યાં સુધી ત્યાં રહું ત્યાં સુધી માતાજીની ખબર લેતા રહેજો તથા હંમેશા પત્ર લખજો.

**નટવર**—હા. જરૂર તમે પણ લખજો.

એટલું કહી નટવર ચાલ્યો ગયો. નટવરના ગયા પછી કીશોરચંદ્રે પોતાનો સામાન નોકર પાસે પેક કરાવ્યો અને જમવા ગયો. જમી રહ્યા પછી દીવાનખાનામાં જઇ પાન બનાવ્યું અને ખાતો હતો એટલામાં માલતીએ ત્યાં પ્રવેશ કર્યો.

" માતા હું તમને કંઇક કહું ? " કીશોરચંદ્રે પૂછ્યું.

" હા. કહેને શું કહેવું છે " માલતીએ પ્રત્યુત્તર આપ્યો.

" તમે આ ખોટી ફેશનનો ત્યાગ નહિ કરો ? "

" તારી ભુલ છે. ફેશનમાં રહેવાથી અને ઉંચી સોસાયટીમાં ફરવાથી આ માલતીને આખું મુંબઇ ઓળખે છે. "

" માજી, વિધવા સ્ત્રીઓને એ ન છાજે. "

અરે, મારે સંસારમાં એટલુંજ બાકી છે. મારા ધનલોભી માબાપનું સત્યાનાશ જજો કે તેમણે મને આ ખાડામાં નાંખી નહિતો આજે આ માલતી કેટલી સુખી હોત. પ્રભુ ! પ્રભુ ! શું મારૂં યૌવન આમજ જશે ? અરે તારા બુઢ્ઢા બાપ કરતાં મારાં લગ્ન તારા જેવા કોઇ તરૂણ સાથે કર્યા હોત તો આજે મારે સંસારમાંજ સ્વર્ગ હોત."

"અરે! અરે! આજી આપ શું બોલો છો. આપ શુદ્ધીમાં છો કે નહિ. આપ આજે આમ કેમ વિકારવશ બન્યા છો"

"સત્યજ કહું છું કે મારી. આ સ્થીતીમાં હું સુખી નથી. કામજ્વાળાથી હું બળી જાઉં છું. મદનનો અસહ્ય માર હું ખમી શકિત નથી. શૃંગારના પુસ્તકો વાંચી મારા રોમેરોમમાં લાહ્ય લાગે છે. મને તો તારા જેવો રૂપગુણયુકત પ્રેમી મળે તોજ શાંતિ થાય."

એટલું કહી વિકારવશ અને ઉન્મત્ત થયલી માલતીએ કીશોરચંદ્રનો હાથ પકડયો. શાંત અને વિનયી કીશોરચંદ્ર એકદમ બેબાકળો બન્યો. હીંચકાપરથી ઉભો થયો. એકાએક પોતાનો હાથ માલતીના હાથમાંથી છોડાવતા રકઝકમાં માલતીની છાતીપરથી વસ્ત્રનો છેડો ખસી જઇ તેણીનો સ્તનપ્રદેશ જણાવા લાગ્યો. અચાનક કીશોરચંદ્રના હસ્તનો તેને સ્પર્શ થતાં બન્ને જણાના શરીરમાં વીજળીક પ્રવાહ વહેતો હોય એમ સ્તબ્ધ થઇ ગયાં. તરતજ દાદરપર કોઈ ચઢતું હોય એવો અવાજ સંભળાયો. માલતી સ્હેજ દૂર ખસી ગઇ. તરતજ નોકરે પ્રવેશ કરી કહ્યું "શેઠ ટ્રેઇનનો ટાઇમ થવા આવ્યો છે. નીચે ગાડી ઉભી રહી છે."

"ચાલ આવું છું" એટલું કહી કીશોરચંદ્રે માલતી તરફ જોયું. માલતી પૃથ્વી તરફ દ્રષ્ટી કરી ઉભી હતી. "જાઉં છું" એટલું કહી કીશોરચંદ્ર નીચે ઉતરી ગાડીમાં બેઠો. ચાબુકના અવાજ સાથે ઘોડા હવામાં ઉછળ્યા. માલતીએ બારીમાંથી નીચે જોયું. સ્હેજ વારમાં ગાડી દ્રષ્ટીમર્યાદામાંથી દૂર થઈ.

( ૨ )

કીશોરચંદ્રના પિતા વ્રજલાલ શેઠ મુળ પોરબંદરના રહેવાસી હતા. તેઓ દલાલીના ધંધામાં ચાલાક હોવાથી વેપારી વર્ગમાં સારા

. પામ્યા હતા. તેઓના પિતા ગુજરી જવા પછી વેપાર ધંધાર્
ટ પોતાના કુટુંબ સાથે આવી રહ્યા હતા. મુંબઇમાં આવ્યા પછી
ાંચ પૈસા પેદા કર્યા હતા. અને એક બે માળા પણ બંધાવ્યા હતા-
ૈવસંયોગે પાંચ પુત્ર રત્નની પણ પ્રાપ્તી થઇ હતી પણ તેમાંથી હાલ
કીશોરચંદ્રજ જીવતો હતો. અચાનક મુંબઇમાં કોલેરાનો રોગ ફાટયો
અને તેણે કીશોરચંદ્રની માતાનો ભોગ લીધો શેઠ તુરતજ કીશોરને
લઇ દેશમાં ચાલ્યા ગયાં થોડો વખત દેશમાં રહયા પછી પાછા
મુંબઇ આવી વેપાર ધંધો સાચવવા લાગ્યા. પણ બાળક કીશોરને
માતાની પુષ્કળ ખોટ જણાવવા લાગી. ધીમે ધીમે કીશોર મોટો થયો.
ગામડી સ્કુલમાં વિદ્યાભ્યાસ કરાવ્યા પછી અંગ્રેજી સ્કુલમાં બેસાડયો.
ત્યાં પણ પોતાની તિવ્ર બુધ્ધિથી તે શીક્ષકોનો માનીતો થઇ પડયો. .
શેઠની ઉમર હાલ પંચાતેર વર્ષની થઇ હતી. છતાં " ચુના વિનાનું
સુક્કું પાન અને નારી વિનાનું સુનું મકાન " એ કહેવતને અનુ-
સરીને ફરી લગ્ન કરવાનો વિચાર કર્યો. ન્યાતના ગોરને પોતાનો
વિચાર જણાવ્યો. તેણે શેઠ માટે કન્યા શોધી લાવવાનું બીડું ઝડપ્યું.
પૈસાના પુંજારી લોભી રૂપચંદને પુછતાં તેણે પોતાની કન્યા માલતી
માટે સોળ હજાર રૂપીઆ માગ્યા. વિષયાંધ શેઠે તે કબુલ કર્યું
અને રૂપીઆ સોળ હજાર આપી માલતી સાથે લગ્ન કર્યાં. માલતી
સુંદર અને સુશીલ હતી. ગામડામાં તેને સાધારણ કેળવણી મળી
હતી. લગ્ન થયાં પછી મુંબઇ આવી. પતિનો વૈભવ જોઇ માલતી
ગાંડી બની ગઇ. સાધારણ સ્થીતીમાં ઉછરેલી માલતી રાજવૈભવના
તેજમાં ઝાંખી પડી ગઇ. શેઠનો વૈભવ જોઇ માલતી પોતાને પુર્ણ
સુખી માનતી. માત્ર કોઇક વખત તેને બુઢ્ઢા ધણી માટે ખેદ થતો.

પણુ વળી પાછી તે ભુલી જતી. શેઠ પણુ બુઢ્ઢાપામાં કન્યા લાવ્યા એટલે તે જેમ વર્તતી તેમ વર્તવા દેતા. શેઠને માલતીમાં કેળવણીની અછત લાગી તેથી તેમણે એક મીસ્ટ્રેસ રાખી માલતીને ઇંગ્લીશ ભણાવવાનું શરૂ કર્યું મદીરા જેવી ઇંગ્લીશ કેળવણીનો પ્રભાવ પડતાંજ માલતીમાં વિચિત્ર પરિવર્તન થઇ ગયું તેણીએ ફેશનેબલ પોશાક પહેરવા માંડયો ગામડાની શરમાળ માલતીને મુંબઇનું ફેશનેબલ પાણી લાગતાંજ તેનો દમામ વધી પડયો. નોકર ચાકરો જે તેણીને ભોટ ગણીને પાછળ હસતા હતા તેઓ તેણીથી ડરવા લાગ્યા. માલતીએ સર્વ ઉપર પોતાનો રોફ બજાવવા માંડયો. શેઠને માલતીના વર્તનની ખબર પડી પણુ તેઓ પોતે જો કે જુના વિચારના હતા છતાં મુંબઇમાં ઘણો વખત રહેવાથી તેમને પણુ ફેશન વળગી હતી તેથી માલતીના વર્તન માટે ઠપકો આપવાને બદલે ઉલટા ખુશી થઇ તેણીને ઉત્તેજન આપવા લાગ્યા. હવે માલતીને શું પૂછવું પડે ? તેણી દિવસે દિવસે નવિન પોશાક કરાવી કયો પોશાક પહેરવાથી વધારે ફેશનેબલ દેખાય છે તે તરફજ ધ્યાન આપવા લાગી. અત્યાર સુધીમાં વૈભવ મહાલવામાં મગ્ન હોવાથી તેને પતિના વૃદ્ધપણા માટે કશું લાગતું નહોતું. હવે જ્ઞાનનો પ્રભાવ પડવાથી તેને વૈભવ ઝેર જેવો લાગ્યો. શૃંગારના પુસ્તકો વાંચી તેને પોતાની સ્થીતી માટે બળાપો થવા લાગ્યો. ચોપાટીપર ફરતાં તરૂણુ પ્રેમી જોડાઓને જોઇ તે પોતાને ભાગ્યહીન માનતી. પોતાનો સ્વાર્થ સાધી માબાપે તેને ખાડામાં નાંખી છે એમ તેણીને લાગવા માંડયું. માલતીનો નાટક ચેટકનો શોખ પણુ બહુ વધી ગયો હતો. હંમેશ નવિન નાટકોમાં શૃંગારના પ્રવેશો જોઇ માલતીનું અંતઃકરણુ બળી જતું. આજે માલતી વસંત-

લતા નામે નવિન નાટક જોવા ગઇ હતી. ખેલ પ્રથમજ હોવાથી હાઉસ ચીકાર ભરાયું હતું. અને સ્ત્રી પુરૂષોનો મોટો સમુદાય ભેગો થયો હતો. કેટલાક સુધરેલ પુરૂષો પત્નીનો હાથ બગલમાં રાખી આમતેમ ફરતાં હતાં. "મારા નસીબમાં આ સુખ નથી" માલતી નિશ્વાસ મૂકી મનમાંજ બબડી. ત્હેજ વારમાં પહેલી ઘંટડી થઇ. દરેક જણે પોતાની સીટપર બેસવા માંડ્યું. માલતી પણ અંદર જઇ એકસ્ટ્રામાં પોતાને માટે રીઝર્વડ કરાવેલી કરાવેલી ખુરશીપર બેઠી. આજે માલતીનું મગજ ઠેકાણે નહોતું. બીજી ઘંટડી થઇ. હાર્મોનિયમ વગેરે વાદ્યો વાગવા લાગ્યા. તરત ત્રીજી ઘંટડી થતાં ડ્રોપ ઉપડ્યો. પ્રથમ સરસ્વતિનું સ્તવન થયું. સુત્રધારે નાટયનો સાર સમજાવ્યો. તરતજ એક અવાજ સાથે વીંગો બાજુપર ખસી ગઇ. નાટકની નાયીકા વસંતલતા સખીઓ સાથે હાસ્ય-વિનોદ કરતી હતી. નાટકનો નાયક, વસંતલતાનો અવિવાહીત પતિ ચંદ્રસિંહ આવી પહોંચ્યો. સખીઓ ચાલી ગઇ. વસંતલતા અને ચંદ્રસિંહનું પ્રેમ સંભાષણ થયું. માલતીને એ ન ગમ્યું. "હું કયે દિવસે આવું ભાષણ કરવાની હતી" માલતી મનમાંજ બબડી. વળી ખેલમાં ધ્યાન ગયું. વસંતલતાના ક્રૂર પિતાએ ચંદ્રસિંહને દેશનિકાલની સજા કરી. માલતીને સંતોષ થયો. તરતજ પડદો પડ્યો અને અને ફારસનો પ્રથમ પ્રવેશ આવ્યો. લોભી લાલચંદ પૈસાને માટે કન્યાને એક વૃદ્ધ સાથે પરણાવવાનો વિચાર કરતો આવે છે. પરણનારા ઉમેદવારો આવે છે. વૃધ્ધ ઉમેદવાર લીલામ્બર શેઠ સૌથી વધુ પૈસા આપવા તૈયાર થાય છે. સાટુ નક્કી થાય છે. કન્યાવિક્રયના યજ્ઞમાં યુવાન બાળાનું બળીદાન અપાય છે. માલતી ખીજવાય છે.

" આ બિચારીને માર જેવુંજ થશે. " માલતી બબડે
નિર્દોષ બાળા ક્રુર પિતાને વિનવે છે. પણ " પથ્થર ઉપર પાણી
લાલચંદ તેનું સાંભળતોજ નથી. બાળા નિરૂપાય થાય છે. પણ
પડદો ઉપડે છે. જંગલમાં દેશ નિકાલ થયેલ ચંદ્રસિંહ આવે છે.
દુર દેશ જવાનો નિશ્ચય કરે છે. " હા હા દુર દેશમાંજ જા એટલે
વસંતલતાની પણ મારા જેવીજ સ્થીતી થશે. " માલતી બબડી.
ચંદ્રસિંહનો મિત્ર વિરસીંહ આવે છે. બન્ને મિત્રો દુર દેશ જાય છે.
ચોથા સીનમાં વસંતલતા પોતાની વિયોગી સ્થીતી પર ખેદ કરતી
આવે છે. " અરે કોઇ દિવસ તારો તરૂણ પ્રેમી મળશે. તારે
મારા જેવું તો નથી. " માલતીએ ઉદગાર કાઢયો. પાંચમાં સીનમાં
લીલાધર શેઠ માંદા પડયા છે. તરૂણ બાળા ગભરાય છે. લીલાધર
શેઠ જીવલેણ રોગથી મ્રત્યું પામે છે. બાળા આક્રંદ કરે છે.
" પ્રભુ પ્રભુ મારી પણ આ સ્થીતી થશે. " માલતી બોલી.
માલતી ગભરાવા લાગી લીલાધર શેઠનું મૃત્યું નજર આગળ આવી
ઉભું વળી વિચાર આવ્યો કે " લીલાધર અને વ્રજલાલમાં શું ફેર
બન્નેની ઉમ્મર સરખી એક દિવસ જરૂર આવું થશે " હવે ખેલ
પરથી ચિત્ત ઉડી ગયું. માલતી થીએટરમાંથી બહાર આવી ગાડીમાં
બેસી ઘેર આવી. ઘર આવતાંજ ઘોંઘાટ સંભળાયો. વળી લીલાધરનું
મ્રત્યુ નજર આગળ આવી ઉભું અહીં પણ શું તેવુંજ થયું હશે ?
હરી ! હરી ! મારૂં શું થશે. ? ગભરાતી ગભરાતી દાદર ચઢી ઉપર
આવી. પોતાના ઘર આગળ ધમાલ જણાઇ. " પ્રભુ ! પ્રભુ ! લીલા-
ધર ને વ્રજલાલનું એકકે દિવસે મ્રત્યુ. ! નહિ ! નહિ ! બીજું કાંઇ
કારણ હશે. જોડેના ઓરડામાં કપડા બદલી વ્રજલાલ શેઠના ઓરડામાં

વ્રજલાલ શેઠ એક પલંગ પર પડયા હતા, સગાવહાલાં આજુ બાજુ બેઠા હતાં શેઠની પાસે કિશોર બેઠો હતો. કિશોરની આંખમાંથી ચોધાર આંસુ પડતાં હતાં. " હાય ? હાય ! નાટકમાંજ અગચેતી થઇ જીંદગી ધુળ થઇ ગઇ. " માલતીની છાતી ઉછળવા લાગી ડાકટરને તેડવા ગયેલ નોકર આવી પહોંચ્યો ડાકટરે નાડ તપાસી. ડાકટરના મોંપર કંઇક નિરાશા જણાવા લાગી. માલતીનો જીવ ઉડી ગયો. કિશોરને બાજુપર તેડી જઇ ડાકટરે કંઇક કહયું. કિશોર વધું રડવા લાગ્યો. માલતી સવ સમજી ગઇ. તરતજ વ્રજલાલ શેઠની આંખ ઉઘડી કિશોર તરફ દ્રષ્ટિ ગઈ. " ભાઇ જાઉ છું તારી માતાની સંભાળ રાખજે " એટલું બોલતાંજ અમર આત્મા ઉડી ગયો. શુંન્ય દેહ ત્યાં રહયો જીંદગીમાં પેદા કરેલ ધનમાલ મૂકી જીવ પાપ પુન્યનો હીસાબ આપવા ચાલ્યો ગયો.

" માલતીના કલ્પાંતનો પાર નહોતો.

( ૩ )

આજે રવીવારનો દિવસ છે. મદ્રાસ શહેરના " મોહનબાગમાં " સ્ત્રી પુરૂષોના ટોળેટોળા ફરતા હતા. બાળકો આનંદથી રમતા હતા. આજે મીલ બંધ હોવાથી કિશોરચંદ્ર પણ ફરવા આવ્યો છે. કિશોરચંદ્રને મદ્રાસ આવ્યે પંદર દિવસ થયા છે. પોતાની મીલ તપાસી હંમેશ નિયમિત રીતે મીલમાં જાય છે. પોતાના માયાળુ સ્વભાવથી તે સર્વનો માનીતો થઇ પડયો હતો. કોઇ દિવસ કિશોરને મીલમ આવતાં મોડું થતું તો સર્વ કામદારો દિલગીર થતા.

કિશોરે એક ખાલી બેંચપર પોતાની બેઠક લીધી. તેને અ માલતીનાજ વિચાર આવતા હતા. "મારા આવ્યા પછી શું થ હશે. પ્રભુ ! પ્રભુ ! માતા તમને આ શું સુજ્યું છે. મારા પિતાની નીર્મળ કીર્તીને તમો તમારા દુરાચરણથી કલંકીત કરશો ? અનાથો નાથ તું ધારે તે ખરૂં. માતા ! તમો પત્રમાં લખો છો કે ચાલ્યો આવ પણ તમારી દુષ્ટ વાસના જાણ્યા પછી હું ત્યાં કેમ આવું ? નટવરનો પણ પત્ર નથી. ચાલ હમણાંજ જઇ એના ઉપર એક પત્ર લખું એટલે સર્વ ખુલાશો થશે" વિચારવમળમાં તણાતો કિશોર ઉઠયો. હવામાં લાકડી ફેરવતો બહાર નીકળ્યો. અચાનક "બાજુ ખસો. બાજુ ખસો." એવો અવાજ જોરથી સંભળાવા લાગ્યો. કિશોર વિચારનિંદ્રામાંથી જાગ્રત થયો. ઉંચું જોયું. સામેથી એક વીકટોરીઆ જોસથી દોડતી આવતી હતી. ઘોડો પુરજોસમાં દોડતો હતો. લોકોનું ટોળું પાછળ બુમ પાડતુ દોડતુ હતું. પણ કોઇથી ઉશ્કેરાયલો ઘોડો પકડી શકાતો નહોતો. પાસે આવતા કીશોરે પોતાની લાકડીથી ઘોડાના મોં ઉપર સખત ફટકો માર્યો. ઘોડો ચમકી ઉભો રહ્યો. તરતજ કિશોરે તેની લગામ પકડી લીધી. લોકો કિશોરની બહાદુરીના વખાણ કરવા લાગ્યા. ઘોડો ઉભો રહેતાંજ વીકટોરીયામાંથી એક યુવાન બાળા નીચે ઉતરી લોકો વીખરાઇ ગયા. બાળાએ આભારની લાગણીથી કહ્યું "આપનો ઉપકાર થયો"

"ઉપકાર માનવાની કંઇ જરૂર નથી. એ મારી ફરજ હતી."

"તોપણ" બાળા કંઇક શરમાતી બોલી "આપે મને નવુ જીવન આપ્યું છે"

આપનું નામ " કીશોર બોલ્યો " જો કંઇ હરકત ન હોય તો."

" સરલા. આપનું ?"

" કિશોરચંદ્ર."

" કોણ ? " ધી વ્રજ મીલના માલીક " ? "

" હા. સેવકને ઓળખો છો ? "

" મારા પિતા અને આપના પિતાને સારો સ્નેહ હતો. વળી અમે આપનીજ જ્ઞાતીના છીએ."

" વખત થઇ ગયો છે. છે. આપની ઇચ્છા હોય તો ઘર સુધી મુકવા આવું ?

" આપને તસ્દી પડશે."

" નહિ. નહિ. મારા પિતાના એક સ્નેહીને મળીને હું ઘણો ખુશી થઇશ."

" ત્યારે પધારો."

તરતજ હવામાં ચાબુકનો એક અવાજ થયો અને ઘોડો ઘર-ભણી દોડવા લાગ્યો. થોડીક વારમાં સરલાનું ઘર આવ્યું. સરલાના પિતા ઓટલાપરજ બેઠા હતા. સરલાએ ઓળખાણ કરાવી અને બાગ આગળ બનેલો બનાવ કહ્યો. કિશોરચંદ્ર અને સરલાના પિતા માળપર ગયા. સરલાએ ચ્હા બનાવી. બે કપ ભરી દીવાનખાનામાં આવી. એક તેના પિતાના હાથમાં આપ્યો અને એક કિશોરચંદ્રને આપ્યો. ચ્હા પી સ્હેજ આડીઅવળી વાત કરી કિશોર ઘેર જવા ઉઠયો. જતાં જતાં બાજુબાજુ નજર નાખી. તેના આતુર નેત્રો સરલાને શોધતા હતા. પણ સરલા ત્યાં નહોતી. નીચે ઉતર્યો. સરલા ત્યાં ઉભી હતી.

" હવે ક્યારે આવશો."

"આપનો ભાવ હશે તો વળી કોઈક વખત આવીશ."

"જરૂર આવજો, કહો ક્યારે ?"

"આવતા રવીવારે મોહનબાગમાં મળીશ."

કિશોર ગયો. હૃદય મૂકતો ગયો.

આજે પવિત્ર અગિઆરશનો તહેવાર છે. સ્ત્રી પુરૂષો દર્શન માટે દોડાદોડ કરી રહયા છે. કોઇ અથડાય છે, ઘુંદાય છે પણ દર્શન કરવાના ધ્યાનમાં તેમને કાંઇજ જણાતું નથી. મુંબાઇ શહેરના સાંકડા રસ્તાઓ ઉપર આ પ્રમાણે ધમાલ મચી રહી હતી. માલતી પણ પોતાની એક સખી સાથે હાસ્ય-વિનોદ કરતી દર્શન કરવા જતી હતી. ભકતોના જયનાદથી અને મંદીરના ઘંટાઓથી જબરો ઘોંઘાટ મચી રહ્યો હતો. અચાનક માલતી તેની સખીથી છુટી પડી ગઈ. દર્શન થશે નહિ એમ ધારી ગભરાટથી માલતી મંદીરમાં ગઇ. દર્શન કર્યા પછી બહાર આવી. બહાર કોઇ નહોતું માલતી ગભરાવા લાગી. સખીના અત્યાગ્રહથી માલતી આજે પહેલવહેલીજ દર્શણ કરવા આવી હતી.

કોઇ ઓળખીતું મળે તો તેની સાથે ઘેર જઇશ એવી આશાથી માલતી આમ તેમ જોવા લાગી. સાંજ પડતી હતી તેમ તેમ તેને વધારે ડર લાગતો હતો. અચાનક કીશોરનો મિત્ર નટવર દેખાયો. હવે માલતીને ધીરજ આવી. નટવરે પણ માલતીને જોઇ, તેની ગભરાટ ભરેલી સ્થીતી તે સમજી ગયો.

"કોને જુઓ છો" પાસે આવી નટવર બોલ્યો.

" દર્શન કરવા આવી હતી પણ વખત જવાથી ભુલી પડી. મને ઘેર જવું છે. " માલતીએ કહ્યું.

" હા ચાલો. હું ગાડી કરી લાવું. "

માલતી નટવરની સાથે ગઈ. નટવરે માલતીને ગાડીમાં બેસાડી અને ગાડીવાળાને કંઇક કહ્યું. ગાડી ચાલવા લાગી. માલતીનો ગભરાટ કંઇક શમ્યો. ગાડીમાંથી બહાર જોયું. ગાડી પુર જોસમાં દોડતી હતી. નટવર સામી સીટપર શાંત બેસી રહયો હતો. અચાનક ઠંડો પવન લાગ્યો. માલતીએ બહાર જોયું સમુદ્ર દેખાયો. ગભરાટથી માલતીએ નટવરને પૂછ્યું. " ગાડી આમ ક્યાં જાય છે ? "

" વાલકેશ્વર " ઠંડો જવાબ મળ્યો.

" ત્યાં શા માટે " ?

" મારૂં ઘર ત્યાં છે. "

" મને મારે ઘેર મૂકી આવો. "

" અત્યારે તો નહિંજ. "

" હાય. દૈસાઇ " કહી માલતી બેશુદ્ધ થઇ.

અપૂર્ણ.

**બીજો ભાગ ટુંક મુદતમાં બહાર પડશે.**